# ઘઉની નવી જાત જી.ડબલ્યુ. ૩૬૬ ની સફળ ગાથા

ઘઉ ઉત્પાદન ક્ષેત્રે ભારત દેશે ખુબ ઝડપી પ્રગતી નોંધીને વસ્તીના થતા વધારા માટે ખાદ્યાન્ન પુરા પાડી સામાજિક અને આર્થિક વિકાસમાં અદ્વિતીય સિધ્ધી મેળવેલ છે. કુલ મળીને પિયતની સગવડતાને ધ્યાને લઈ રાજયમાં આશરે ૧૦ થી ૧૨ લાખ હેકટર વિસ્તારમાં ઘઉનુ વાવેતર થાય છે. રવિ ૨૦૧૦–૧૧ દરમ્યાન ઘઉનો વાવેતર વિસ્તાર ૧૪.૯૮ લાખ હેકટર ઉત્પાદન ૪૯.૪ લાખ ટન તથા ઉત્પાદકતા ૩૨૯૭ કિલોગ્રામ /હેકટર થયેલ છે જે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કરતા વાવેતર વિસ્તાર, ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વધારો દર્શાવે છે. ઘઉના ઉત્પાદનમાં થયેલો નોંધપાત્ર વધારો મુખ્યત્વે વહીવટી સુઝબુઝ, ખેડુતોના પરિશ્રમ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધિતિ, સિંચાઈ સવલતોનો વિકાસ અને સૌથી મુખ્ય નવી જાતોના વિકાસને આભારી છે. ખાસ નોંધનીય છે કે ઉત્તરીય રાજયોમાં ઘઉની ઉત્પાદકતા ભલે સૌથી વધારે છે પણ દિવસ દીઠ રાષ્ટ્રીય ઉત્પાદકતા (૧૯ કિ.ગ્રા / હે. દિવસ) ની સરખામણીમાં આપણા રાજયની ઉત્પાદકતા (૩૯ કિ.ગ્રા. / હે. દિવસ) બમણી છે.

ઘઉની વધુ ઉત્પાદન આપતી, રોગપ્રતિકારક અને દાણાની સારી ગુણવતા ધરાવતી જાતોની માંગ વધુ રહે છે. તેથી જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે આ પ્રકારની ઘઉની જાતો વિકસાવવાની કામગીરી કરવામાં આવે છે. ઘઉ પાક સુધારણા કાર્યક્રમ અંતર્ગત આ કેન્દ્ર દ્વારા વિકસાવેલ જી.ડબલ્યુ. ૩૬૬ જાત સમગ્ર મધ્ય ભારતમાં સમયસરના વાવેતર માટે વર્ષ ૨૦૦૭ દરમ્યાન ભલામણ કરવામાં આવેલ છે.

## જી.ડબલ્યુ. ૩૬૬ નો ઉદ્‌ભવ:

વર્ષ ૧૯૯૩–૯૪ માં ઘઉની ડી.એલ. ૮૦૨–૩ અને જી.ડબલ્યુ ૨૩૨ જાતો વચ્ચે સંકરણ કરી જી.ડબલ્યુ. ૩૬૬ જાત વિકસાવવામાં આવેલ છે. નવી વિકસાવેલ ઘઉની જાત જી.ડબલ્યુ. ૩૬૬ તેના વધુ ઉત્પાદન, રોગપ્રતિકારક શકિત તથા દાણાની સારી ગુણવતાને લીધે મધ્ય ભારતમાં ઘઉ ઉગાડતા ખેડુતોની માંગ સંતોષવાના સર્વ ગુણો ધરાવે છે.

## રોગપ્રતિકારક શકિત:

ઘઉ પાકમાં પાન અને થડનો ગેરૂ રોગ ઘણી અગત્યતા ધરાવે છે, અને ઉત્પાદન પર માઠી અસર કરે છે. રોગ પ્રતિકારક શકિત ચકાસણી હેઠળના અખતરામાં જી.ડબલ્યુ. ૩૬૬ જાત સતત ત્રણ વર્ષ જુદા જુદા વાતાવરણમાં અંકુશ જાતોની સરખામણીએ સૌથી નીચા ગેરૂ રોગના આંક સાથે ખુબજ આશાસ્પદ પ્રતિકારક જાત તરીકે બહાર આવેલ છે.

## દાણાની ગુણવતા:

ઘઉ પાકમાં મધ્યમથી મોટા પ્રકારના, ચળકાટ વાળા અને એકસરખી સાઈઝના દાણા હોય તો તેની માંગ બજારમાં સારી રહે છે. ઘઉની નિકાશ માટે ૭૮ હેકટોલીટરની ઓછામાં ઓછી જરૂરીયાતની સામે આ જાત ૮૨ થી ૮૩ હેકટોલીટર આંક ધરાવે છે.

## ઉત્પાદન ક્ષમતા:

આ જાતે અંકુશ જાતો જેવી કે એમ.એ.સી.એસ. ૨૪૯૬, લોક–૧, જી.ડબલ્યુ.–૧૯૦, એચ.આઈ. ૮૪૯૮ અને જી.ડબલ્યુ ૩૨૨ કરતા અનુક્રમે ૧૨.૧૧, ૧૨.૦૩, ૯.૮૬, ૬.૪૪ અને ૫.૯૪ ટકા દાણાનુ વધારે ઉત્પાદન આપેલ છે. વધુમાં આ જાતે સતત ત્રણ વર્ષ સુધી જુદા જુદા અખતરાઓમાં સૌથી વધુ વખત ( ૩૦ વખત) પ્રથમ ક્રમાંકે આવેલ છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૫.૧૭ ટન/હેકટર તથા વધુમાં વધુ ઉત્પાદન ક્ષમતા ૬.૭૦ ટન/હેકટર છે જે રાષ્ટ્ર કક્ષાએ ત્રીજા નંબરે આવે છે. આ જાતમાં ગુલાબી ઓરીકલ, ડુંડી ઉપરના ભાગમાં ઘટ્ટ તેમજ વણાક વાળુ પેડંકલ હોય અન્ય જાતો કરતા ઓળખવામાં સરળ છે, જે બીજ ઉત્પાદન કાર્યક્રમમાં બીયારણની શુધ્ધતા જાળવવામાં પણ ઉપયોગી નિવડે તેમ છે. બ્રીડર બીજના ઈન્ડેન્ટ મુજબ બીજ ઉત્પાદન કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરાય છે.

**સંશોધન વૈજ્ઞાનિક (ઘઉ), ઘઉ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ, જુનાગઢ તા. ૧૭મી નવેમ્બર, ૨૦૧૧**